GJJN160001372026

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ: | ૦૬ | ૦૫ | ૨૦૨૬ |
| દાખલ તારીખ: | ૦૬ | ૦૫ | ૨૦૨૬ |
| ફેસલ તારીખ: | ૦૩ | ૦૯ | ૨૦૨૬ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૨૮ | ૦૩ | ૦૦ |

## મે. જુનાગઢના વર્કમેન કોમ્પેન્સેશન કમિશ્નરશ્રી, સમક્ષ.

**વર્કમેન પરચુરણ અરજી નં.૦૪/૨૦૨૬**
**આંક–૨૦**

**અરજદાર:** ગુજ. ભાવેશ દેવરાજભાઇ ચોરવાડાના વારસો
(૧) દેવરાજભાઇ આણંદભાઇ ચોરવાડા,
(૨) પુરીબેન દેવરાજભાઇ ચોરવાડા,
રહે. વધાવી, તા.જી.જુનાગઢ.

**વિરૂધ્ધ**

**સામાવાળાઓ:** ૧) સચીનભાઇ હસુભાઇ ટીટા,
બ્લોક નં.૧૭, મેધાણીનગર, જુનાગઢ.
તા.જી.જુનાગઢ.

૨) રાજુભાઇ માંડાભાઇ કાથડ,
ઉ.વ.આ.૩૭, ધંધો:સેન્ટીંગ કોન્ટ્રાકટર
ઠે.મંગલધામ મધુરમ વંથલી રોડ, જુનાગઢ.

૩) રાહુલભાઇ મથુરદાસ જોગી,
ઉ.વ.પુખ્ત, ધંધો:બાંધકામનો,
રહે.મતવા શેરી, શ્રીજી ગેસ્ટ હાઉસની પાસે,
શ્રીજી કોમ્પ્લેક્ષ નજીક જેતપુર, જી.રાજકોટ.

૪) હરસિધ્ધભાઇ ભગવાનજીભાઇ ભીમજીયાણી,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો:બાંધકામ,
ઠે.ગાયત્રી મંદીર પાસે, કોટડીયા વાડી જેતપુર,
જી.રાજકોટ.

૫) ચિંતનભાઇ જયેન્દ્રભાઇ શાહ,
ઉ.વ.પુખ્ત, ધંધો:બિલ્ડર,
ઠે.બ્લોક નં.૯૦, વિધાનગર સોસાયટી,

એસ.બી.આઇ. પાસે, ભાવનગર,
મું.ભાવનગર, જી.ભાવનગર.

૬) દેવેન્દ્રકુમાર કિશોરભાઇ પંડયા,
ઉ.વ.૪૬, ધંધો:વેપાર,
રહે. નહેરૂપાર્ક સોસાયટી સી/૧,
સાઇકૃપા, મુ.જુનાગઢ.

૭) કિરણભાઇ મુળજીભાઇ ગોવાણી,
ઉ.વ.૫૬, ધંધો:વેપાર, રહે. ગીરકંદરા,
મનહર પ્લોટ નં.૧૦,
ધનશ્યામ ડેરી સામેની શેરી,
મંગળા રોડ, રાજકોટ.

**બાબત: વ.કો.એકટની ક.૩૧ મુજબ રીકવરી અરજી...**

| | | |
|---|---|---|
| અરજદારો તરફે | : | વિ.વકીલશ્રી એમ.એમ.મહીડા |
| સામાવાળા નં.૨ અને ૭ તરફે | : | વિ.વકીલશ્રી કે.એચ.સોંદરવા |
| સામાવાળા નં.૧, ૩ થી ૬ તરફે | : | ગેરહાજર. |

## -:: હુકમ ::-

(૧) અરજદારોની હાલની આંક-૧ ની અરજીની ટુંકમાં હકકીત એવી છે કે, આ કામના અરજદારના પુત્ર ગુજ.ભાવેશ દેવરાજ ચોરવાડા સામાવાળા ત્યાં કામદાર તરીકે કામ કરતા હતા. અરજદારે સામાવાળા વિરૂધ્ધ વળતર મેળવવા વર્કમેન કોમ્પે. ફેટલ કેસ નં.૮/૨૦૧૮ થી વળતર અજી અત્રેની અદાલતમાં દાખલ કરી હતી સદરહુ કેસમાં નામદાર કોર્ટે તા.૩૧/૧/૨૦૨૬ નારોજ અરજદારોની તરફેણમાં ચુકાદો આપીને સામાવાળા નં.૧,૩ થી ૮ પાસેથી સુયુકત અને વિભકત વળતર, વ્યાજ, પેનલ્ટી ચુકવવાનો આદેશ કર્યો હતો જેમા વળતરની રકમ રૂ.૭,૯૬,૧૫૬/- તથા રૂ.૭,૪૦,૪૧૯ તા.૩/૮/૧૮ થી તા.૩/૫/૨૦૨૬ સુધી ૧૨% લેખે વ્યાજની રકમ તથા રૂ.૧,૫૮,૨૬૧/- પેનલ્ટીની રકમ તથા ખર્ચના રૂ.૫૦૦૦/- એમ કુલ રકમ રૂ.૧૭,૦૦,૪૦૬/- નામદાર કોર્ટના આદેશની જાણ સામાવાળાઓને હોવા છતા આજદિન સુધી અરજદારોને વળતરની રકમ ચુકવેલ નથી કે નામદાર કોર્ટમાં આજદિન સુધી જમા કરાવેલ નથી. જેથી હાલની અરજી કરી કર્મચારી વળતર અધિનિયમ કલમ-

૩૧ મુજબ વળતર, પેનલ્ટી, વ્યાજ અને ખર્ચની રકમ તેઓને ચુકવેલ ન હોય તે રકમ વસુલ મેળવવા પ્રમાણપત્ર (વસુલાત સર્ટી) ઈશ્યુ કરી વસુલાત કરી અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) ત્યારબાદ સામાવાળાઓને કોર્ટ ધ્વારા નોટીસ ઈસ્યુ કરતા જે બજી જતા સામાવાળા નં.૨ અને ૭ ના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ છે. ત્યારબાદ સબબ કામ સામાવાળઓના જવાબ માટે રાખવામાં આવેલ. ત્યારબાદ સામાવાળા નં.૧, ૨ અને ૬ ને બેલીફ મારફતે નોટીસની બજવણી કરવામાં આવેલ છે અને સામાવાળા નં.૩ અને ૭ ને નોટીસની બજવણી એડી.સ્લીપ થી થયેલ છે. ત્યારબાદ સામાવાળા નં.૧, ૩ થી ૬ નાઓને નોટીસ બજી જવા છતા પોકાર કરાવતા જાતે કે વકીલશ્રી મારફતે હાજર થયેલ ન હોય, તેથી તેમની સામે એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળા નં.૨ ને વારંવાર યોગ્ય તક આપવા છતા જવાબ રજુ કરેલ ન હોઈ, સામાવાળા નં.૨ નો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે રજુ થયેલ અરજી, મુળ વળતર અરજીનો હુકમ, કેસનુ અસલ રેકર્ડ લક્ષમાં લેતા, આ અદાલત સમક્ષ નીચે મુજબનો મુદ્દો ન્યાય નિર્ણય અર્થે ઉપસ્થીત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું અરજદાર આંક–૧ ની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૨) શું આખરી હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) અંશત:હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

(૫) સદર કામે અરજદારની અરજી તથા પુરાવાનુ સોગંદનામાના કથનો તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા હાલના કામે રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતા, અરજદારને સામાવાળાને ત્યાં નોકરીની ફરજ દરમ્યાન થયેલ અકસ્માત ઈજાના કારણે મૃત્યુ પામેલ હોય તે બદલ વળતર મેળવવા અત્રેની અદાલતમાં વ.કો.ફેટલ કેસ નં. ૮/૨૦૧૮ દાખલ કરેલ જે ચાલી જતા તા.૩૧/૦૧/૨૦૨૬ નારોજ હુકમ કરવામાં આવેલ છે. જે

હુકમ મુજબ સામાવાળા નં.૧, ૩ થી ૮ પાસેથી સંયુકત અને વિભકત રીતે વળતરની રકમ રૂા.૭,૯૬,૧૫૬/–, તા.૩/૮/૧૯ થી તા.૩/૫/૨૬ સુધીના ૧૨% લેખે વ્યાજની રકમ, રૂા.૧,૫૮,૨૬૧/– પેનલ્ટીની રકમ તથા ખર્ચના રૂા.૫૦૦૦/– એમ કુલ મળિ રકમ રૂા.૧૭,૦૦,૪૦૬/– ની માંગણી કરેલ છે. જે સામે હાલની અરજીના સામાવાળા નં.૧ થી ૬ નાઓ કોર્ટની ધોરણસરની નોટીસ બજી જવા છતા આ કામે હાજર થયેલ નથી જેથી હાલની અરજી તેઓ સામે એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. જયારે સામાવાળા નં.૭ કિરણભાઈ મુળજીભાઈ ગોવાણી નાઓને ધોરણસરની નોટીસ બજી જતા તેઓ તેમના વિ.વકીલશ્રી ધ્વારા અત્રેની અદાલતમાં હાજર થયેલ અને તેઓને હીસ્સે આવતી રકમ રૂા.૨,૪૨,૯૧૫/– આંક–૧૩ ના ચલણ નં.૭/૨૦૨૬–૨૭ થી પી.એલ.એ. એકાઉન્ટમાં જમા કરાવવામાં આવેલ છે. વધુમાં હાલના કેસનુ રેકર્ડ વંચાણે લેતા, હાલની અરજીના સામાવાળાઓ નં.૧ થી ૬ ધ્વારા કોઈ રકમ આ કામે અત્રેની અદાલતમાં જમા કરાવવામાં આવેલ નથી કે હાજર થયેલ નથી કે કોઈ રીપોર્ટ રજુ કરેલ ન હોય જેથી તેઓ તરફે એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. એ રીતે સામાવાળા ધ્વારા અરજદારે જણાવેલ હકીકતથી વિરૂધ્ધનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ નથી.

(૬) આમ, રેકર્ડ પરની હકીકતો વંચાણે લેતા, વ.કો. ફેટલ કેસ નં.૮/૨૦૧૮ ના કામે તા.૩૧/૦૧/૨૦૨૬ નારોજ ફરમાવેલ આખરી હુકમ મુજબની કોઈ રકમ હાલના સામાવાળા નં.૧ થી ૬ નાઓ ધ્વારા અત્રેની અદાલતમાં જમા કરાવેલ નથી કે આજદિન સુધી અરજદારને ચુકવેલ નથી કે સદર હુકમ સામે નામદાર વડી અદાલતમાં કોઈ અપીલ કરી સ્ટે મેળવેલ હોવાનુ રેકર્ડ પર જણાય આવતુ નથી. વધુમાં હાલની અરજીના સામાવાળાઓ નં.૧ થી ૬ અત્રેની અદાલતમાં હાજર થયેલ નથી કે કોઈ રીપોર્ટ રજુ કરેલ નથી તેથી તેમના વિરૂધ્ધ હાલની અરજી એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ સામાવાળા નં.૭ નાઓ કિરણભાઈ મુળજીભાઈ ગોવાણી નાઓને ધોરણસરની નોટીસ બજી જતા તેઓ તેમના વિ.વકીલશ્રી ધ્વારા અત્રેની અદાલતમાં હાજર થયેલ અને તેઓને હીસ્સે આવતી રકમ રૂા.૨,૪૨,૯૧૫/– અત્રેની કોર્ટમાં જમા કરાવવામાં આવેલ છે. વધુમાં સદરહુ કામે રજુ થયેલ માર્ક–૫/૧ થી રજુ વ.કો.ફેટલ કેસ નં.૮/૨૦૧૮ નો આખરી હુકમ વંચાણે લેતા, તેમાં સામાવાળા નં.૧ અને ૩ થી ૮ પાસેથી સંયુકત અને વિભકત રીતે વળતરની રકમ રૂા.૭,૯૬,૧૫૬/– તેમજ સદરહુ વળતરની રકમ ઉપર અકસ્માત તારીખથી વસુલ થતા સુધી ૧૨% લેખે

વ્યાજ સહીત વસુલ મેળવવા તેમજ સામાવાળા નં.૧ તથા નં.૩ પાસેથી વળતરની રકમ ઉપર ૨૦% પેનલ્ટીની રકમ રૂા.૧,૫૮,૨૩૧/- તથા અરજી ખર્ચના રૂા.૫,૦૦૦/- અલગથી દિન-૩૦ માં અત્રેની અદાલતમાં જમા કરાવવાનો હુકમ થયેલ હોવાનુ તેમજ સામાવાળા નં.૨ સામે કોઇ હુકમ થયેલ નથી. જે ઉપરોકત હુકમ મુજબ વળતરની રકમ રૂા.૭,૯૬,૧૫૬/- થાય છે. તેમજ અરજદારે હાલની અરજીમાં અકસ્માતની તા.૩/૮/૧૮ થી તા.૩/૫/૨૬ સુધીના ૧૨% વ્યાજની રકમ રૂા.૭,૪૦,૪૧૯/- ની માંગણી કરેલ છે. જે મુજબ વળતરની રકમ રૂા.૭,૯૬,૧૫૬/- ઉપર ઉપરોકત સમયગાળાની ગણતરી કરતા **કુલ ૯૩ માસ**ની ૧૨% લેખે વ્યાજની રકમ **રૂા.૭,૪૦,૪૨૫/-** થાય છે. આમ, વળતરની રકમ રૂા.૭,૯૬,૧૫૬/- તથા વ્યાજની રકમ રૂા.૭,૪૦,૪૨૫/- તથા ખર્ચની રકમ રૂા.૫૦૦૦/- એમ કુલ મળિ રકમ **રૂા.૧૫,૪૧,૫૮૧/-** થાય છે. આમ, દરેક સામાવાળાઓને હીસ્સે આવતી રકમની ગણતરી કરતા **રકમ રૂા.૨,૨૦,૨૨૬/- (શબ્દોમાં રૂપિયા બે લાખ વીસ હજાર બસો છવીસ પુરા)** થાય છે. વધુમાં સામાવાળા નં.૧ અને ૩ નાઓને પેનલ્ટીની રકમ ચુકવવાનો હુકમ થયેલ હોય, જેથી પેનલ્ટીની કુલ રકમ રૂા.૧,૫૮,૨૬૧/- ને બંને વચ્ચે સરખે હીસ્સે વહેંચણી કરતા દરેકને રકમ **રૂા.૭૯,૧૩૦/-** ચુકવવાની થાય છે. જેથી હાલની અરજીના સામાવાળા નં.૧ અને ૨ ને હીસ્સે આવતી વળતરની રકમ રૂા.૨,૨૦,૨૨૬/- તથા પેનલ્ટીની રકમ રૂા.૭૯,૧૩૦/- એમ કુલ મળિ રકમ **રૂા.૨,૯૯,૩૫૬/- (શબ્દોમાં રૂપિયા બે લાખ નવાણું હજાર ત્રણસો છપ્પન પુરા)** હાલની અરજીના સામાવાળા નં.૧ અને ૨ નાએ અલગ અલગ ચુકવવાની થતી હોવાનુ માનવામાં આવે છે. વધુમાં હાલના કામના સામાવાળા નં.૭ નાઓએ તેઓને હીસ્સે આવતી રકમ સદરહુ કામે ચલણ નં.૭/૨૦૨૬-૨૭ થી રકમ રૂા.૨,૪૨,૯૧૫/- અત્રેની અદાલતમાં જમા કરાવેલ છે જેથી તેઓ સામે કોઇ હુકમ કરવામાં આવતો નથી. આમ, હાલની અરજીના સામાવાળા નં.૧ અને ૨ નાઓ વળતર, વ્યાજ, પેનલ્ટી તથા ખર્ચની રકમ **રૂા.૨,૯૯,૩૫૬/- (શબ્દોમાં રૂપિયા બે લાખ નવાણું હજાર ત્રણસો છપ્પન પુરા)** અલગ અલગ ચુકવવી તેમજ હાલની અરજીના દરેક સામાવાળા નં.૩ થી ૬ નાઓએ તેમને હીસ્સે આવતી વળતર, વ્યાજ તથા ખર્ચની રકમ **રૂા.૨,૨૦,૨૨૬/- (શબ્દોમાં રૂપિયા બે લાખ વીસ હજાર બસો છવીસ પુરા)** અલગ અલગ ચુકવવાની થતી હોય, જે કાયદેસર વસુલ મેળવવા અરજદારો હકકદાર બનતા હોવાનુ માનવામાં આવે છે. અને તે રીતે મુદ્દા નં.૧

નો જવાબ "અંશત:હકારમાં" આપી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આથી અરજદારની હાલની વ.કો.પરચુરણ અરજી નં.૦૪/૨૦૨૬ અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) વ.કો.ફેટલ કેસ નં.૮/૨૦૧૮ ના કામે તા.૩૧/૦૧/૨૦૨૬ નારોજ થયેલ આખરી હુકમ મુજબ અરજદાર હાલની અરજીના સામાવાળા નં.૧ સચીનભાઈ હસુભાઈ ટીટા, બ્લોક નં.૧૭, મેઘાણીનગર જુનાગઢ, તા.જી.જુનાગઢનાઓએ વળતર, વ્યાજ, પેનલ્ટી તથા ખર્ચની રકમ **રૂા.૨,૯૯,૩૫૬/- (શબ્દોમાં રૂપિયા બે લાખ નવાણું હજાર ત્રણસો છપ્પન પુરા),** સામાવાળા નં.૨ રાજુભાઈ માંડાભાઈ કાથડ, ઠે.મંગલધામ, મધુરમ વંથલી રોડ, જુનાગઢનાઓ વળતર, વ્યાજ, પેનલ્ટી તથા ખર્ચની રકમ **રૂા.૨,૯૯,૩૫૬/- (શબ્દોમાં રૂપિયા બે લાખ નવાણું હજાર ત્રણસો છપ્પન પુરા)** તેમજ હાલની અરજીના સામાવાળા નં.૩ રાહુલભાઈ મથુરદાસ જોગી, રહે.મતવા શેરી, શ્રીજી ગેસ્ટ હાઉસની પાસે, શ્રીજી કોમ્પ્લેક્ષ નજીક જેતપુર, જી.રાજકોટનાઓએ વળતર, વ્યાજ તથા ખર્ચની રકમ **રૂા.૨,૨૦,૨૨૬/- (શબ્દોમાં રૂપિયા બે લાખ વીસ હજાર બસો છવીસ પુરા),** સામાવાળા નં.૪ હરસિધ્ધભાઈ ભગવાનજીભાઈ ભીમજીયાણી, ઠે.ગાયત્રી મંદીર પાસે, કોટડીયા વાડી જેતપુર, જી.રાજકોટનાઓએ વળતર, વ્યાજ તથા ખર્ચની રકમ **રૂા.૨,૨૦,૨૨૬/- (શબ્દોમાં રૂપિયા બે લાખ વીસ હજાર બસો છવીસ પુરા),** સામાવાળા નં.૫ ચિંતનભાઈ જયેન્દ્રભાઈ શાહ, ઠે.બ્લોક નં.૯૦, વિધાનગર સોસાયટી, એસ.બી.આઈ.પાસે, ભાવનગર, મું.ભાવનગર, જી.ભાવનગર નાઓએ વળતર, વ્યાજ તથા ખર્ચની રકમ **રૂા.૨,૨૦,૨૨૬/- (શબ્દોમાં રૂપિયા બે લાખ વીસ હજાર બસો છવીસ પુરા),** સામાવાળા નં.૬ દેવેન્દ્રકુમાર કિશોરભાઈ પંડયા, રહે.નહેરૂપાર્ક સોસાયટી સી/૧, સાઈકૃપા, મું.જુનાગઢનાઓએ વળતર, વ્યાજ તથા ખર્ચની રકમ **રૂા.૨,૨૦,૨૨૬/- (શબ્દોમાં રૂપિયા બે લાખ વીસ હજાર બસો છવીસ પુરા)** ની રકમ અરજદારો ઉપરોકત તમામ સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર બનતા હોઈ, જેથી સદરહુ રકમનુ રેવન્યુ રાહે વસુલાત કરવા માટેનુ રીકવરી સર્ટીફીકેટ સામાવાળા નં.૧ થી ૬ ના નામનુ ઈસ્યુ કરી, સંબંધીત કલેકટરશ્રી, રીકવરી શાખા તરફ વસુલાત અર્થે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

J.S.JADAV
JUDGE(S.D),LABOUR COURT,JUNAGADH

(૩) વધુમાં સામાવાળા નં.૭ કિરણભાઇ મુળજીભાઇ ગોવાણી નાઓએ આ કામે તેઓને હીસ્સે આવતી રકમ જમા કરાવેલ છે. જેથી તેઓ સામે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૪) કેસના સંજોગો જોતા ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તારીખ ૦૩ જી, માહે.સપ્ટેમ્બર, સને.૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

Dt.03-09-2026
Junagadh.

**( Jadav Jayshriben Shanitilal )**
Ex-Officio Commissioner for
Employee's Compensation Act &
Judge (S.D.)
Labour Court, Junagadh
Judge Code : GJ01424